# ઈન્ફોસીસ ઓક્ટોબરના અંતમાં મહાકાય રોકડ સોદો કરશે

બેંગ્લોર, તા.૧૦

ઈન્ફોસિસે ઝ્યુરિચ સ્થિત લોડસ્ટોન હોલ્ડિંગ કંપનીને આશરે ૩૫૦ મિલિયન ડોલરમાં અથવા તો ૧૯૩૦ કરોડ રૂપિયામાં ખરીદી લેવાની તૈયારી બતાવી છે. ઈન્ફોસિસની હજુસુધીની સૌથી મોટી સોદાબાજી તરીકે આને જોવામાં આવે છે. આ તમામ સોદાબાજીની પ્રક્રિયા રોકડમાં રહેશે અને ઓક્ટોબર સુધીમાં પરિપૂર્ણ કરી લેવામાં આવશે. આ સોદાબાજીથી કેટલાંક તાકીદે ફાયદા થશે. લોડસ્ટોન મેન્યુફેક્ચરીંગ, ઓટોમોટીવ, લાઈફ સાયન્સ, કેમિકલ્સ, કન્ઝ્યુમર ચીજ-વસ્તુઓ સહિતનાં ૨૦૦થી વધુ કલાયન્ટો તાત્કાલિક ધોરણો ઈન્ફોસિસને ઉપલબ્ધ કરાવશે. આ કલાયન્ટોમાં બીએમડબલ્યુ, વાર્નર, ચીનક્વોટ, મ્યુનિકરે જેવી મહાકાય કંપનીઓનો સમાવેશ થાય છે. ઈન્ફોસિસ પાસે ૭૦૦ કંપનીઓનું કલાયન્ટ બેઝ છે. ૨૦૧૧માં લોડસ્ટોનની મહેસૂલી આવક ૨૦૭ મિલિયન સ્વીસ ફ્રેંક રહી હતી અથવા તો તેની મહેસૂલી આવક ૧૨૦૦ કરોડ રૂપિયા હતી જે ૨૦૧૦ માં ૧૮૧ મિલિયન સ્વીસ ફ્રેંક હતી. આ સોદાબાજીથી ઈન્ફોસિસની વાર્ષિક મહેસૂલી આવકમાં આ રકમનો ઉમેરો થશે. આનાથી ઈન્ફોસિસ કોગ્નીઝન્ટ અને વિપ્રો જેવી તેની નજીકની હરીફ કંપનીઓ પર લીડ મેળવવામાં મદદ મળશે. આ ત્રણેય કંપનીઓ વચ્ચે હાલમાં ગળાકાપ



સ્પર્ધા ચાલી રહી છે. આ સોદાબાજી થયા બાદ ઈન્ફોસિસને સીધો લાભ થશે. આ હસ્તગત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઈન્ફોસિસનું કન્સલ્ટીંગ અને પેકેજિંગ સાથે સંબંધિત મહેસૂલી આવકની રકમ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ એક બજાર ડૉલર સુધી પહોંચશે.

ઈન્ફોસીસે આ સોદાબાજી કર્યા બાદ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કન્સલ્ટીંગ કામગીરી મજબૂત કરવા અને યુરોપિયન રાષ્ટ્રોમાંના ઓપરેશનમાંથી આવક વધારવા હેતુ લોડસ્ટોન કંપની હસ્તગત કરાશે. આ સોદો ઈન્ફોસીસનો અત્યાર સુધીનો સૌથી મોટો સોદો હશે. કન્સલ્ટીંગ અને સીસ્ટમ ઈન્ટીગ્રેશન (સીએન્ડએસઆઈ) ક્ષમતા કંપની વધારવા માટે આ કંપની હસ્તગત ઈન્ફોસીસ કરશે. કન્સલ્ટીંગ પ્રક્રિયામાં ધ્યાન એન્ટરપ્રાઈઝ સોલ્યુશન એસએપી પર થશે. ૧ અબજ અમેરિકી ડોલરની આવક તેનાથી વધવાની શકયતા છે. ઈન્ફોસીસ સીઈઓ અને મેનેજીંગ ડીરેકટર એસ. ડી. શીબુલાલે કહ્યું હતું કે, એસએપી કન્સલ્ટીંગમાં વૈશ્વિક સ્તરે ઈન્ફોસીસને સ્થાપિત કરવાનો મુખ્ય હેતુ હસ્તગત કરવાનો છે. આગામી ઓક્ટોબર સુધીમાં તમામ સોદો રોકડમાં પૂર્ણ કરાશે. પત્રકારો સાથે વાતચીત કરતાં એસ.ડી. શિબુલાલે કહ્યું હતું કે, અમારી કંપનીની રણનીતિ સીએન્ડએસઆઈનું વિસ્તરણ કરશે. આ હસ્તગત પ્રક્રિયા અમારી રણનીતિ માટે સંપૂર્ણ ફીટ બેસે છે. લોડસ્ટોન અને ઈન્ફોસિસ સાથે મળીને નર્ચીંગ અને ગ્રાહકોનો વિશ્વાસ જાળવી રાખવો છે. ઈન્ફોસીસ સીએન્ડએસઆઈ વેપારનું ટર્નઓવર કંપનીની કુલઆવકમાંનો ૩૧ ટકા હિસ્સો છે. ૧૦ જુદા જુદા ઔદ્યોગિક ક્ષેત્રોમાં ૩૦૦૦૦ થી વધુ કન્સલટન્ટ છે. એક જાણીતી રીસર્ચ કંપનીના નિષ્ણાત શશી ભુષણે કહ્યું હતું કે, કન્સલ્ટીંગ અને સીસ્ટમ ઈન્ટીગ્રેશન પ્રેક્ટીસ હસ્તગત પ્રક્રિયાથી વધશે. કન્સલ્ટીંગ અને પેકેજ ઈમ્પલીમેન્શનમાં ઈન્ફોસીસનું પ્રભુત્વ પણ વધશે. નોંધનીય છે કે એપ્રિલ-જૂનના ગાળામાં આવક કરતાં તેની ટીકા થઈ હતી.

## ફેસબૂક પર સચિનની શાનદાર રમત કલાકમાં ૪૧,૦૦૦૦ ફોલોઅર્સ થયા

નવીદિલ્હી, તા. ૧૦

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંદુલકરે સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ફેસબુક ઉપર પણ શાનદાર રમત રમી લીધી છે. સચિન તેંદુલકર ફેસબુક ઉપર સામેલ થવાની સાથે જ છવાઈ ગયો છે. સચિનનાં ચાહકોની સંખ્યા તરત વધી ગઈ છે. સચિનનાં એક કલાકમાં જ ૪૧૦૦૦૦ ફોલોઅર્સ થઈ ગયા છે. સચિનનાં ફોલોઅર્સની સંખ્યામાં




દિન-પ્રતિદિન વધારો થવાનાં સંકેત દેખાઈ રહ્યા છે. ફેસબુકમાં સામેલ થવાની સાથે જ પ્રથમ પોસ્ટ સચિને કર્યો હતો જેમાં વધારે વાત કરી નહતી પરંતુ ફેસબુક પરિવારનું સ્વાગત કરું છું. બાળપણથી મારું સ્વપ્ર હતું કે, ભારતીય ક્રિકેટ ટીમ તરફથી રમું અને ૨૨ વર્ષ બાદ અમે વિશ્વકપ જીતવામાં સફળ રહ્યા હતાં. વિશ્વકપ જીતવાનું એક સ્વપ્ન શરૂઆતથી જ હતું. આ તમામ બાબતો આપનાં સમર્થન વગર શક્ય નહતી. સચિને એમપણ લખ્યું છે કે, ચાહકોનાં જોરદાર સમર્થનનાં કારણે જ તે આજે આ સિદ્ધિઓ હાંસલ કરવામાં સફળ રહ્યો છે. તે આગામી દિવસોમાં તેનાં અનુભવ તમામ સાથે વહેંચવા માંગે છે. ફેસબુકમાં અનેક ટોચની હસ્તીઓ સામેલ થયેલી છે જેમાં અમિતાભ બચ્ચનનો પણ સમાવેશ થાય છે. સચિનનાં આ ઓફિશયલ પેજને સેવેનથ્રી રોકર્સ મેનેજ કરશે. સચિન તેંદુલકરનાં સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર એકાઉન્ટ છે. ટ્વિટર પર સચિન વર્ષ ૨૦૧૦થી છે. હજુ સુધી તેનાં ટ્વિટર પર ૨૬૮૦૭૯૦ ફોલોઅર્સ છે.

# રાજકીય પક્ષોની સાત વર્ષમાં ૪૬૬૨ કરોડની કમાણી થઈ

નવીદિલ્હી, તા. ૧૦

રાજકીય પક્ષોએ છેલ્લાં સાત વર્ષના ગાળામાં ૪૬૬૨ કરોડની કમાણી કરી છે. વર્ષ ૨૦૦૪થી ડોનેશન અને અન્ય સ્ત્રોત મારફતે આ કમાણી કરવામાં આવી છે. કમાણી કરવાના મામલામાં ધારણા પ્રમાણે જ કોંગ્રેસ પાર્ટી સૌથી આગળ રહી છે. કોંગ્રેસ પાર્ટીએ સાત વર્ષના ગાળામાં ૨૦૦૮ કરોડની કમાણી કરી છે. જ્યારે ભાજપે આ ગાળા દરમિયાન ૯૯૪ કરોડની કમાણી કરી છે. બે એનજીઓ દ્વારા આજે આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. આઈટી રિટર્ન અને દાતાઓની યાદી અંગેની બાબતને ધ્યાનમાં લઈને આ દાવો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૧ વચ્ચેના ગાળા માટે ચૂંટણીપંચને સુપ્રત કરવામાં આવેલી આઈટી રિટર્ન અને દાતાઓની યાદીનાં આધાર પર એસોસિએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ એન્ડ નેશનલ ઈલેકશન વોચના અહેવાલમાં જણાવાયું છે કે, ૨૩ મોટી પાર્ટીઓની આવક અંગેના આંકડા તૈયાર કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૦૪ બાદથી પક્ષોની આવક સ્થિર રીતે વધી છે. એડીઆર અને ન્યુ દ્વારા તૈયાર કરવામાં આવેલ આંકડામાં દર્શાવવામાં આવ્યું છે કે, કોંગ્રેસની આવક ૨૦૦૮ કરોડ સુધી પહોંચી ગઈ છે. ૨૦૦૪માં કેન્દ્રમાં સરકારનું નેતૃત્વ કરવાની શરૂઆત કર્યા બાદથી ૨૦૧૧ સુધી કુપનનાં વેચાણ મારફતે મોટાભાગની આવક થઈ છે. જ્યારે ડોનેશનની ટકાવારી માત્ર ૧૪.૪૨ ટકા છે. આની બિલકુલ વિરુદ્ધમાં સાત વર્ષના ગાળામાં ભાજપની કુલ આવક ૯૯૪ કરોડની થઈ છે જે પૈકી ૮૧.૪૭ ટકા આવક કોર્પોરેટ હાઉસ અને ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલા દાન મારફતે એકત્રિત થઈ છે. લંડન સ્થિત વેદાંતા દ્વારા આપવામાં આવેલાં દાનનો પણ આમાં સમાવેશ થાય છે. એનજીઓનું કહેવું છે કે દાન અને સ્વૈચ્છિક યોગદાન આવકનાં મોટાં સોર્સ પૈકીના એક છે. મોટાભાગની રાજકીય પાર્ટીને આ રીતે આવક થાય છે. એનજીઓ દ્વારા કોર્પોરેટ દ્વારા ચલાવવામાં આવતા ચૂંટણી ટ્રસ્ટની કામગીરીમાં પારદર્શકતા લાવવાની રજૂઆત કરવામાં આવી છે. રાજકીય પાર્ટીઓનાં બ્લેકબોક્સ તરીકે પણ આમાં આની ગણતરી કરાઈ છે. ડીએમકેને તેનાં પોતાના પક્ષના સભ્યો પાસેથી લાખો રૂપિયા મળ્યાં છે. આશ્ચર્યજનક બાબત એ છે કે ૨૦૦૪ થી ૨૦૧૧નાં સમયગાળામાં સીપીઆઈએમની આવક ૪૧૭ કરોડની રહી છે. આવક પૈકીની મોટાભાગની આવક વ્યક્તિગતો પાસેથી મળી છે. જ્યારે બહુજન સમાજ પાર્ટીની આવક ૪૮૪ કરોડ રૂપિયા છે. અન્ય મોટા ડાબેરી પક્ષો સીપીઆઈની કમાણી ૬.૭ કરોડ અને સમાજવાદી પાર્ટીની આવક ૨૭૮ કરોડ રૂપિયા છે તેમ એડીઆરનાં આંકડામાં જણાવાયું છે. કોંગ્રેસને મોટા દાન આપનારાઓમાં ટોરેન્ટ પાવર લિમિટેડ, ભારતી ઈલેકટ્રોરલ ટ્રસ્ટ, સ્ટરલાઈડ ઈન્ડસ્ટ્રી, આઈટીસી, અદાણી એન્ટરપ્રાઈઝ, જિંદાલ સ્ટીલ, વિડીયોકોન એપ્લાયન્સનો સમાવેશ થાય છે. આવીજ રીતે ભાજપને સૌથી વધુ યોગદાન જનરલ ઈલેક્ટ્રોરલ ટ્રસ્ટ છે જે આદિત્ય બિરલા ગ્રુપ સાથે સંકળાયેલ જૂથ છે. ટોરેન્ટ પાવર લિમિટેડે ૧૩ કરોડ રૂપિયા આપ્યા છે. આવીજ રીતે એશિયન ટીવી હોલ્ડિંગ દ્વાર ૧૦ કરોડ રૂપિયા ભાજપને અને ૨.૫ કરોડ રૂપિયા કોંગ્રેસને છેલ્લાં સાત વર્ષમાં આપ્યા છે.

### ક્યા પક્ષની કેટલી કમાણી

છેલ્લાં સાત વર્ષના ગાળામાં ભારતનાં રાજકીય પક્ષોએ દાન અને અન્ય સ્ત્રોત મારફતે જંગી કમાણી કરી છે. કઈ પાર્ટીએ કેટલી કમાણી કરી એનો આંકડો નીચે મુજબ છે.

| પાર્ટી | કમાણી (કરોડમાં) |
|---|---|
| કોંગ્રેસ | ૨૦૦૮ |
| ભાજપ | ૯૯૪ |
| સીપીઆઈએમ | ૪૧૭ |
| બહુજન સમાજ પાર્ટી | ૪૮૪ |
| સીપીઆઈ | ૬.૭ |
| સમાજવાદી પાર્ટી | ૨૭૮ |

## સમાચાર ઝલક

- મુંબઇનાં મધ દરિયામાં જહાજમાં લાગેલી આગ.
- સોનાનાં ઊંચા ભાવથી ગુજરાતી નારીઓ દાગીના વિમુખ થશે.
- તા.૯ થી ૧૬ ડિસેમ્બર ગુજરાત વિધાનસભાની ચૂંટણીની શક્યતા.
- રાજ્યમાં સૌથી વધુ વ્યસની વિધાર્થી રાજકોટમાં.
- કૌશિક બસુ બન્યા વિશ્વ બેંકના પ્રમુખ અર્થશાસ્ત્રી.
- તા.૧ જાન્યુઆરીથી રાંધણગેસ સબસીડી ગ્રાહકના બેંકખાતામાં જમા કરાશે, ગ્રાહકોએ બજારભાવે જ એજન્સીને નાણાં ચુકવવા પડશે.
- ગુટકા વેચનારને બે વર્ષની કેદ તથા બે લાખનો દંડ, ટ્વીન પેક સામે તંત્ર લાલ આંખ કરશે.
- આસામ હિંસાનું મુખ્ય કારણ વસ્તી વધારો અને જમીનનું અન્યાયપૂર્ણ વિભાગીકરણ.
- કોલસા બાદ સિમેન્ટકાંડ : કંપનીઓને ઉઘાડી લૂંટનો પરવાનો.
- ઓરિસ્સામાં મહિલા અધિકારીને ફટકારવાના મામલે શ્રી જગદીશ ટાઇટલર સામે ઠેસ દાખલ, ઓરિસ્સામાં કોંગ્રેસ પ્રેરિત બંધને મિશ્ર પ્રતિસાર.
- અમૂલ દૂધના ભાવ પાઉચ દીઠ રૂા. ૧ થી ૨ નો ભાવવધારો તા. ૧૫મી કરશે.
- તા.૧૧મીથી ગુટખા પ્રતિબંધ સરકાર કટિબધ્ધ, બદામ કરતાં ગુટખા મોંઘા, ગુટખા છોટો અને છોડાવો : શ્રી નરેન્દ્રભાઇ મોદી.
- તા.૧૯મીએ જામનગરમાં ઓપન સૌરાષ્ટ્ર લાડુ સ્પર્ધા.
- શ્વેતક્રાંતિના સર્જક ડોકટર વર્ગીસ કુરિયનને દૂધ ભાવતું નહોતું.
- મુસ્લિમો બાળકો ઝાઝા પેદા કરતા હોવાથી અશિક્ષિત રહે છે : આસામ મુખ્યમંત્રી શ્રી તરૂણ ગોગાઇ.
- વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઇ વસાવા કોમનવેલ્થ કોન્ફરન્સમાં ભાગ લેવાં શ્રીલંકા જશે.

## કુન્દાકુલમ અણુ પ્લાન્ટ પાસે અથડામણ : તંગદિલી ફેલાઈ

કુન્દાકુલમ, તા. ૧૦

કુન્દાકુલમ પરમાણુ પ્લાન્ટ સ્થળ નજીક આજે જોરદાર અથડામણ થઈ હતી. જેથી પોલીસને સ્થિતીને કાબુમાં લેવા ટિયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. પરમાણુ વિરોધી દેખાવકારો જુદી જુદી માંગણીને લઈને દેખાવો કરી રહ્યા હતા. પોલીસે સ્થિતી વણસી જતા બળનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. પ્રતિબંધાત્મક આદેશનો ભંગ કરીને દેખાવકારોએ કુન્દાકુલમ ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ ખાતેથી ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. રિએક્ટરમાં યુરેનિયમનાં લોડીંગને રોકવાની માંગણી કરવામાં આવી હતી.

કુન્દાકુલમ ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટથી ૫૦૦ મીટરનાં અંતરે દરિયાઈ કિનારે દેખાવકારોએ અલગ પડવાનો ઈન્કાર કરતાં અને પ્રતિબંધનો ભંગ કરાતાં પોલીસને ટીયરગેસનાં શેલ છોડવાની ફરજ પડી હતી. જિલ્લા અધિકારીઓ અને ટોચના અધિકારીઓએ વારંવારની વિનંતિ કરી હોવા છતાં દેખાવકારો દૂર થયા નહતાં. સવારમાં મડાગાંઠ જારી રહેતાં વધારાના પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતાં, તેજ વેળા સુરક્ષા છત્રનો ભંગ કરીને કેટલાંક દેખાવકારોએ સીરૂટ પર જવાનો પ્રયાસ કર્યો હતો. પ્લાન્ટના સ્થળ નજીક પહોંચવાનો પ્રયાસ કર્યો હતો જેનાં કારણે તંગદિલી ફેલાઈ ગઈ હતી.

તંગદિલી વધતાં અને સ્થિતિ કાબુ બહાર જતાં પોલીસે ટીયરગેસનાં શેલ છોડ્યા હતાં. દેખાવકારોનો પીછો કરવામાં આવ્યો હતો. પોલીસનાં પગલા સામે દેખાવકારોએ સૂત્રોચ્ચાર કર્યા હતાં. ગઈકાલથી એકહજારથી વધુ પરમાણુ વિરોધી દેખાવકારો પ્લાન્ટ નજીક જુદા જુદા મામલાઓ પર દેખાવ કરી રહ્યા છે. પ્રથમ રિએકટરમાં ફ્યુઅલના લોડીંગને બંધ કરવા મુખ્યમંત્રી જયલલિતાની દરમિયાનગીરીની માંગ કરી રહ્યા છે. ૨૦૦૦થી વધુ પોલીસ જવાનો સમગ્ર વિસ્તારમાં તૈનાત કરી દેવામાં આવ્યા હતાં જેમાં ૪૦૦ આરએએફનાં જવાનોનો સમાવેશ થાય છે. પીપલ્સ મુવમેન્ટન્સ અગેન્સ્ટ ન્યુક્લિયર એનર્જી દ્વારા આપવામાં આવેલાં ઘેરાવના કાર્યક્રમને ધ્યાનમાં લઈ પ્લાન્ટ નજીક પ્રતિબંધાત્મક આદેશો લાગુ કરવામાં આવ્યા હતાં. પોલીસે શરૂઆતમાં સ્થિતિને સામાન્ય બનાવવાનાં પોતાની રીતે પ્રયાસ કર્યા હતાં. પરંતુ પ્રોજેક્ટ સામે વિરોધ યથાવત રીતે જારી રહેતાં પોલીસને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી.

## બિહારમાં નૌકા દુર્ઘટના થતાં ૧૧નાં થયેલાં મોત

પટણા, તા. ૧૦

બિહારનાં ભોજપુર જિલ્લામાં સહાર પોલીસ સ્ટેશન હેઠળનાં વિસ્તારમાં સોનુ નદીમાં એક નૌકા ઉંધી વળી જતાં ઓછામાં ઓછાં ૧૧ લોકોનાં મોત થયા છે. મૃત્યુ પામેલાઓમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. અન્ય ૨૫ લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોમાં પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. બીજીબાજુ બિહાર સરકારે મૃત્યુ પામેલા લોકોનાં સંબંધીઓને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સહાર પોલીસ સ્ટેશન હેઠળનાં અધિકારી મનોજકુમાર શ્રીવાસ્તવે કહ્યું છે કે, ભંવરીગાંવથી આશરે ૪૦ લોકો એક નૌકામાં બેસીને પસાર થઈ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. ૧૧ લોકોનાં મોત થયા બાદ તમામને મૃતદેહ મળી આવ્યાં છે. બાકીનાની શોધખોળ ચાલી રહી છે. આ નૌકામાં માત્ર ૧૪ લોકો બેસી શકે તેવી ક્ષમતા હતી પરંતુ તેમાં ૪૦ લોકો બેઠા હતાં. સ્થાનિક લોકોએ બચાવ કામગીરીમાં મદદ કરી હતી. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓનું કહેવું છે કે, ૧૧ મૃતદેહ મળી આવ્યાં છે. તપાસ કામગીરી ચાલી રહી છે. બે ડઝન લોકો લાપતા હોવાનું જાણવા મળ્યું છે.

## ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે બીજો ટ્વેન્ટી-૨૦ જંગ ખેલાશે

ચેન્નાઈ, તા.૧૦

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આવતીકાલે બીજી ટ્વેન્ટી-૨૦ મેચ રમાનાર છે. વિશાખાપટ્ટનમ ખાતેની પ્રથમ મેચ વરસાદ અને ખરાબ હવામાનના કારણે સંપૂર્ણપણે ધોવાઈ ગયા બાદ હવે આવતીકાલે ચેન્નાઈમાં બીજી મેચ રમાનાર છે.

ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા પ્રથમ મેચ વરસાદથી ધોવાઈ ગયા બાદ આ મેચ કોઈપણ કિંમતે જીતી નૈતિક જુસ્સો જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. સ્ટાર ખેલાડી યુવરાજસિંહ કેન્સર સામે જંગ જીતી ગયા બાદ



ટીમમાં વાપસી કરવા માટે ઉત્સુક દેખાઈ રહ્યો છે. આ જ કારણસર યુવરાજને જોવા માટે ક્રિકેટ ચાહકો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. લાંબાગાળા બાદ યુવરાજસિંહ આ મેચમાં એન્ટ્રી કરનાર છે. પ્રથમ મેચમાં પણ તેની ઉત્સુકતાપૂર્વક ચાહકો રાહ જોઈ રહ્યા હતા પરંતુ વરસાદના કારણે મેચ ધોવાઈ ગઈ હતી. હવે આવતીકાલની મેચને લઈને પણ ફરી ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર જેમ્સ ફ્રેન્કલીનનું કહેવું છે કે આગામી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ પહેલાં ટીમ સંપૂર્ણપણે તૈયારી કરવા ઈચ્છુક છે. ફ્રેન્કલીનનું કહેવું છે કે ટીમ અનુભવી છે પરંતુ ખેલાડીઓ ફોર્મમાં દેખાઈ રહ્યા નથી. વર્લ્ડકપ ટી-૨૦માં ન્યૂઝીલેન્ડની ટીમ પાકિસ્તાન, બાંગ્લાદેશ સાથેના ગ્રૂપમાં છે. તે ૨૧મી સપ્ટેમ્બરના દિવસે રમીને પોતાની ઝુંબેશ શરૂ કરશે. ફ્રેન્કલીને આશા વ્યક્ત કરી છે કે ચેન્નાઈમાં મેચ રોમાંચક બની રહેશે. વર્લ્ડકપની શરૂઆત પહેલાં તમામ ખેલાડીઓ ફોર્મ મેળવી તે તે મહત્વપૂર્ણ છે. ભારતીય ટીમને પછડાટ આપવા નવી રણનીતિ સાથે મેદાનમાં ઉતરશે. ન્યૂઝીલેન્ડની ટીમમાં ટેલર, મેક્કુલમ, ગુપ્ટીલ ઉપર તમામની નજર રહેશે. બીજી બાજુ ટીમ ઈન્ડિયા તરફથી ગૌતમ ગંભીર, વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની, વિરેન્દ્ર સહેવાગ, સુરેશ રૈના, યુવરાજસિંહ છવાઈ જવા માટે તૈયાર છે. હરભજનસિંહને લાંબાગાળા બાદ વાપસી કરવાની તક મળી છે જેથી તે પણ સારો દેખાવ કરવા પ્રયાસ કરશે.

## મની લોન્ડરીંગ બદલ ૩૫ બ્રોકરો સેબીના સકંજામાં

મુંબઈ, તા.૧૦

માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા ૩૫ સ્ટોક બ્રોકરો સામે તપાસ હાથ ધરી છે. મની લોન્ડરીંગ સાથે સંબંધિત મામલાઓમાં આ તપાસ હાથ ધરવામાં આવી છે. આતંકવાદી નાણાં અને મની લોન્ડરીંગ સાથે સંબંધિત મામલાઓમાં શંકા ઊભી થયા બાદ આ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કેસમાં માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા વધુ પગલાં લે તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ એન્ટી લોન્ડરીંગ એન્ડ કોમ્બોટીંગ ફાઈનાન્સીંગ ઓફ ટેરેરીઝમ ધારાધોરણો સાથે સંબંધિત મામલાઓ અને નિયમોના ભંગ બદલ ઊંચી તપાસ હાથ ધરવામાં આવી છે.

નિર્ધારિત નિયમો ન પાડવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. ૨૦૧૧-૧૨ માટેના તેના વાર્ષિક અહેવાલમાં સેબીએ કહ્યું છે કે ૩૫ ચોક્કસ હેતુ નિરીક્ષણની પ્રક્રિયા શેરદલાલો સાથે કરવામાં આવી છે.

## ભેલ પાંચ વર્ષમાં ૫ હજાર કર્મચારીની ભરતી કરશે

તિરૂચિરાપલ્લી, તા. ૧૦

હેવી એન્જિનિયરીંગની મહાકાય કંપની ભેલ આગામી પાંચ વર્ષમાં પાંચ હજાર લોકોની ભરતી કરવાની યોજના ધરાવે છે. કંપનીનાં એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતાં કહ્યું હતું કે, જાણકાર એન્જિનિયરો અને મેનેજમેન્ટનાં કારોબારીઓ સુધીના કુશળ લોકોની ભરતી કરવામાં આવશે.

ભેલ (કોર્પોરેટ)નાં ડિરેક્ટર એચ.આર.કૃષ્ણનને માહિતી આપતાં કહ્યું છે કે, આગામી પાંચ વર્ષમાં આશરે પાંચ હજાર લોકોની ભરતી કરીશું. જોકે આ આંકડો દેશમાં પ્રવર્તમાન બિઝનેસ તક ઉપર આધારિત રહેશે. ભેલે અગાઉનાં પાંચ વર્ષમાં ૧૫ હજાર કર્મચારીઓની ભરતી કરી છે. દેશમાં જુદા જુદા પ્લાન્ટમાં ત્રણ તબક્કામાં આધુનિકીકરણ અને વિસ્તરણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હાલના આંકડા મુજબ આ પીએસયુમાં કુલ સંખ્યા ૪૯૩૦૦ની આસપાસ છે જેમાં હરિદ્વારમાં ૧૦૫૦૦, ભોપાલમાં ૭૮૦૦, હૈદરાબાદ નજીક રામચંદ્રપુરમ પ્લાન્ટમાં ૭૩૦૦ કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ભેલ આવનાર દિવસોમાં વધુ અસરકારક રીતે ભરતી કરવાની યોજના ધરાવે છે. ૨૭મા આઈડોનેશન-ડેનાં પ્રસંગે કાર્યક્રમનાં ભાગરૂપે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે, હેવી એન્જિનિયરીંગની કંપની દેશમાં પ્રવર્તી રહેલી સ્થિતિ મુજબ આગળ વધવાની યોજના ધરાવે છે. અન્ય કંપનીઓ સાથે તેની સ્પર્ધા ચાલી રહી છે. ગળાકાપ સ્પર્ધા વચ્ચે કર્મચારીઓને ટકાવી રાખવા પગાર વધારાની બાબત અંગે ભેલ દ્વારા હજુસુધી કોઈ વાત કરવામાં આવી નથી.

### (વિચાર યાત્રા) (પાના નં. ૪ નું ચાલુ)

ઘોડિયામાં સૂતાં બાળકને આપણે રોતી વખતે ચોકલેટની લાંચ આંપીને ભવિષ્ય માટે તૈયાર કરવા માંડ્યા છીએ...

કાલે સવારે જો સરકાર ઉથલી પડે અને મધ્યસત્ર ચૂંટણી આવી પડે તો મુસીબત આપણે જ થવાની છે... બધા જ ચોરનાભાઇ ઘંટી ચોર છે... વોટ કોન આપીશું! ક્યાં જઇને આપણી વેદનાનો ચિતાર આપવો... કોઇની ગેરંટી નથી... અબી બોલા ફોક જેવા નપાણીયા લોકો રાજકારણમાં પેસી ગયા છે...

લાખો રૂપિયા આપીને ઉમેદવાર બનેલા M.P., M.L.A બન્યા પછી કરોડો રૂપિયાના કૌભાંડ ન કરે તો જ નવાઇ!

'અરણ્ય રૂદન' ન્યાયે મારો - તમારો અવાજ દૂધ-પીતો કરી દેવામાં આવે છે... આપણને રોજ નીત નવી સમસ્યાઓમાં એવા જક્કી રાખવામાં આવે છે કે આપણે ઊંચા જ ન આવીએ...

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી

FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
Kisan
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ